ગાંધીનગર સમાચાર

બિહારમાં રેલવે ટ્રેકને ફૂંકી મારતા માઓવાદીઓ

ભુવનેશ્વર-દિલ્હી રાજધાનીના યાત્રીઓનો સહેજમાં જ બચાવ

નવી દિલ્હી,તા. ૨૩

ભુવનેશ્વર-નવી દિલ્હી રાજધાની એક્સપ્રેસ ટ્રેન પસાર થાય તે પહેલા જ માઓ।વાદીઓએ રેલવે ટ્રેકને ફુંકી માર્યુ હતુ. જો કે સાવચેતીના પગલારૂપે રાજધાનીના યાત્રીઓનો સહેજમાં બાચાવ થયો હતો. નવી દિલ્હી-રાજધાની એક્સપ્રેસ પસાર થાય તે પહેલા જ સાવચેતીના પગલારૂપે દોડતા પાઇલોટ એન્જિનના કારણે આ બનાવ ટળી ગયો હતો. જો કે રેલવે ટ્રેક ફુંકી મારવામાં આવેલુ હતુ જેથી એન્જિન એન્જિન પાટા પરથી ખડી પડ્યુ હતુ. માઓવાદીઓએ બિહારમાં ઇસ્માઇલ પુર અને રફીગંજ સેક્શન વચ્ચે રેલવે ટ્રેકને ફુંકી માર્યું હતુ. આ બનાવના કારણે મોટી ઘાત ટળી ગઇ હતી. મંગળવારે ।રાત્રે આ બ્લાસ્ટ થયો હત. ડેપ્યુટી ઇન્સ્પેક્ટર જનરલ ઓફ પોલીસ પીકે શ્રીવીસ્તવે કહ્યું હતું કે બનાવના મામલે ઉંડી તપાસ ચાલી રહી છે.પટણામાં મુખ્ય જનસંપર્ક અધિકારી અરવિન્દ કુમાર રજકે કહ્યું હતું કે ભુવનેશ્વર-નવી દિલ્હી રાજધાની એક્સપ્રેસ પસાર થાય તે પહેલા પાઇલોટ એન્જિન માઓવાદીગર્સત વિસ્તારોમાં દોડાવવામાં આવે છે. એન્જિન ખડી પડતા ટ્રેન સેવાને માઠી અસર થઇ હતી. આશરે એક ડઝન મેઇલ અને એક્સપ્રેસ ટ્રેનોને જુદા જુદા સ્થળો પર રોકી દેવામાં આવી હતી. રાજધાની એક્સપ્રેસને પણ તરત જ રોકી દેવામાં આવી હતી. ગયા અને મુગલસરાય વચ્ચે તમામ ટ્રેનોને રોકી દેવામાં આવી હતી. જેથી આ ટ્રેનોમાં મુસાફરી કરી રહેલા લોકો પણ મુશ્કેલીમાં મુકાઇ ગયા હતા. રેલવે પ્રધાન સદાનંદ ગૌડાએ આ સંબંધમાં તમામ માહિતી માંગી છે.તેમણે સાફ શબ્દોમાં કહ્યું હતું કે વધુ સુરક્ષા પગલા લેવામાં આવે તે જરૂરી છે. ગૌડાએ કહ્યું છે કે નુકસાનગ્રસ્ત રેલવે ટ્રેકને ટુંકમાં વ્યવસ્થિત કરી દેવામાં આવશે. જો કે આ બનાવના કારણે રેલવેમાં ખળભળાટ મચી ગયોહતો. રેલવે સેવા આ ટ્રેક પર ફરી શરૂ કરવાના પ્રયાસ થઇ રહ્યા છે.

સ્કુલ બસ સાથે મીની ટ્રક ટકરાતા સાતને ઈજા થઈ

નવી મુંબઈ,તા. ૨૩

વાણિજ્ય પાટનગર મુંબઈમાં સ્કુલ બસ અને મીની ટ્રક અથડાતા સાત વિદ્યાર્થીઓને નાની-મોટી ઈજાઓ થઈ છે. આ બનાવના કારણે વાલીઓમાં ચિંતાનું મોજું ફરી વળ્યું હતું. પામબીચ રોડ ઉપર આજે સવારે આ અકસ્માત સર્જાયો હતો. નેરુલમાં આવેલી પોદાર ઈન્ટરનેશનલ સ્કુલમાંથી સાત વિદ્યાર્થીઓને ઈજા થઈ હતી. બે વિદ્યાર્થીઓને નજીવી ઈજા થયા બાદ રજા આપી દેવામાં આવી હતી. જ્યારે અન્યોને સારવાર માટે એમજીએમ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. પોલીસે માહિતી આપતા કહ્યું છે કે, આ બનાવ સવારે ૭:૪૫ વાગ્યાની આસપાસ થયો હતો. પાંચ વિદ્યાર્થીઓને શિવવુડ હોસ્પિટલમાં સારવાર આપવામાં આવી રહી છે. સાક્ષીઓએ કહ્યું છે કે, મીની ટ્રક ખોટી દીશામાંથી આવી રહી હતી અને સ્કુલ બસને ટક્કર મારી દીધી હતી. આઈસીએસએફ અને સીબીએસઈ બેચના વિદ્યાર્થીઓ આ બનાવમાં ઘાયલ થયા હતા. સ્કુલના એક અધિકારીએ વિગત આપતા કહ્યું છે કે, પામબીચ રોડ ઉપર તાજેતરના દિવસોમાં ઘણા બધા અકસ્માતો થયા છે. વધારે પડતી ઝડપ અને આડેધડ ડ્રાઈવીંગના કારણે આ વિસ્તારમાં અકસ્માતો સર્જાઈ રહ્યા છે. બીજી બાજુ પોલીસે કહ્યું છે કે, આના માટે બેદરકારી મુખ્યરીતે જવાબદાર છે. ઘાયલ થયેલા વિદ્યાર્થીઓની ઓળખ કરી લેવામાં આવી છે. તેમના માતા-પિતાને તરત જ જાણ કરવામાં આવી હતી.

શિવસેના સાંસદોએ મુસ્લિમ કર્મચારીનો રોજો તોડાવ્યો સંસદના બંને ગૃહોની કામગીરી મોકૂફ કરાઈ

નવીદિલ્હી,તા. ૨૩

શિવસેનાના ૧૧ સાંસદો ઉપર એક મુસ્લિમ કેટરિંગ સુપરવાઈઝરને બળજબરીપૂર્વક રોટલી ખવડાવીને રોજા તોડી નાંખવાના પ્રયાસનો આક્ષેપ કરવામાં આવતા ખળભળાટ મચી ગયો છે. આ આક્ષેપની ગૂંજ આજે સંસદમાં પણ જોવા મળી હતી. રોજા તોડાવી નાંખવાના મુદ્દે સંસદમાં ભારે હોબાળો મચી ગયો હતો. શિવસેનાના સાંસદોની ઝાટકણી કાઢવામાં આવી હતી. સંસદમાં ભારે હોબાળા વચ્ચે ભાજપે માફી માંગી હતી. વિપક્ષના સભ્યોએ સંસદના બંને ગૃહોમાં ધાંધલધમાલ મચાવી હતી. સાથે સાથે આરોપી સાંસદો સામે કાર્યવાહી કરવાની માંગ કરવામાં આવી હતી. ભારે ધાંધલ ધમાલના લીધે સંસદની કામગીરી થોડાક સમય માટે બંને ગૃહોમાં મોકૂફ કરવામાં

આવી હતી. આ અગાઉ સ્થિતિ વણસે તે પહેલા ભાજપના સાંસદ ગોપાલ શેટ્ટીએ સંસદમાં શિવસેના તરફથી માફીની માંગ કરી હતી. જો કે, શિવસેનાએ આક્ષેપોને ફગાવી દીધા હતા. શિવસેનાના વડા ઉદ્ધવ ઠાકરેએ સ્પષ્ટતા કરતા કહ્યું હતું કે, શિવસેનાના સાંસદોની ધરપકડ કરી લેવી જોઈએ. બીજી બાજુ બસપના અધ્યક્ષ માયાવતીએ કહ્યું છે કે, જો આ અહેવાલ સાચા છે તો કેન્દ્ર સરકારને તરત કાર્યવાહી કરવી જોઈએ અને શિવસેના સાંસદોની ધરપકડ કરી લેવી જોઈએ. આ ઘટના સાથે સંબંધિત વિડિયો પ્રકાશમાં આવ્યા બાદ ભારે ખળભળાટ મચી ગયો છે. આમા શિવસેના સાંસદ એક કેટરિંગ કર્મચારીને બળજબરીપૂર્વક રોટલી ખવડાવતા નજરે પડે છે. શિવસેનાએ આમા બચાવના પ્રયાસ કર્યા છે. નવી દિલ્હીમાં મહારાષ્ટ્ર સદનના મેનેજમેન્ટ સામે પણ નારાજગીનું મોજુ ફરી વળ્યું છે. શિવસેનાના કેટલાક સભ્યોએ કરેલા વર્તન સામે રાજકીય વર્તુળોમાં પણ ખળભળાટ મચી ગયો છે.

દેશમાં ૧૨૧ કોલ્ડસ્ટોરેજને આખરે લીલીઝંડી મળી ગઈ

નવી દિલ્હી, તા. ૨૩

ફળફળાદી અને અન્ય ચીજવસ્તુઓના મોટા પ્રમાણમાં બગાડને રોકવાના હેતુસરે દેશભરમાં હવે ૧૨૧ કોલ્ડસ્ટોરેજને લીલીઝંડી આપી દેવામાં આવી છે. આના કારણે મોટા પ્રમાણમાં નુકસાનને ટાળી શકાશે. કેટલાક અંશે ભાવ વધારાને કાબુમાં લેવામાં પણ આ બાબત ઉપયોગી સાબિત થઇ શકે છે. આગામી દિવસોમાં વધુ પગલા લેવામાં આવે તેવી શક્યતા છે. સેન્ટ્રલ ઈન્સ્ટીટ્યુટ ઓફ પોસ્ટ હાર્વેસ્ટ એન્જીનીયરીંગ એન્ડ ટેકનોલોજી (સીઆઈપીએચઈટી), લુધિયાણા દ્વારા દેશભરમાં કરવામાં આવેલા સર્વેક્ષણ અનુસાર વાર્ષિક ૫.૮ થી ૧૮ ટકા ફળો બરબાદ થઈ જાય છે. જેની વાર્ષિક કિંમત લગભગ ૭૪૩૭ કરોડ રૂપિયા થાય છે. પરિવહન દરમ્યાન લગભગ ૧.૧ થી ૨ ટકા ૨.૮ ટકા નુકસાન થાય છે.કાપણી દરમ્યાન નુકશાન ઓછું કરવા માટે અને ખેડૂતોથી ગ્રાહકો સુધી કોઈપણ પ્રકારની નુકસાન વગર ફળો પહોંચાડવા માટે ખાદ્ય પ્રસંસ્કરણ મંત્રાલય એકીકૃત શીતગૃહ અને આધારભૂત સુવિધાઓ પ્રદાન કરવા માટે કેન્દ્રીય યોજનાનું ક્રિયાન્વયન કરી રહ્યું છે. આ યોજના અંતર્ગત સામાન્ય ક્ષેત્રોમાં મશીનરી અને તકનીકી કાર્ય માટે ૫૦ ટકા અને ઉત્તર-પૂર્વી તથા ગુર્ગમ ક્ષેત્રોમાં ૭૫ ટકામાં નાણાંકીય સહાય આપવામાં આવે છે. આ યોજના હેઠળ દેશમાં શીતગૃહ આધારભૂત માળખું તૈયાર કરવા માટે પ્રતિયોજના મહત્તમ ૧૦ કરોડ રૂપિયાની સહાયતા આપવામાં આવે છે. એકીકૃત શીતગૃહ અને સંરક્ષણ માટે આધારભૂત મળખાની સ્થાપના વ્યક્તિગત, ઉદ્યમી સમુહ, સ્વ સહાયતા સમૂહ, કિસાન નિર્માતા સંગઠન, ગેર સરકારી સંગઠન, કેન્દ્ર અને રાજ્ય સરકારના સાર્વજનિક ક્ષેત્રના ઉપક્રમ વગેરે કરી શકે છે. શીતગૃહના વિકાસ માટેની યોજના અંતર્ગત મંત્રાલયે દેશભરમાં ૧૨૧ શીતગૃહ શ્રૃંખલા પરિયોજનાને સ્વીકૃતિ પ્રદાન કરી છે. જેમાં ૯ પરીયોજના હિમાચલ પ્રદેશમાં સ્વીકૃત કરવામાં આવી છે. મંત્રાલયે ૧૨મી પંચવર્ષીય યોજના અંતર્ગત કેન્દ્ર દ્વારા પ્રયોજીત યોજના ખાદ્ય પ્રસંસ્કરણ માટે રાષ્ટ્રીય મીશનની શરૂઆત કરી છે. આ યોજના હિમાચલ પ્રદેશ સહિત રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં ક્રિયાન્વિત કરવામાં આવી રહી છે.

દહેજ સતામણી બદલ રમ્ભા વિરૂદ્ધ કેસ થયો

વિતેલા વર્ષોની લોકપ્રિય અભિનેત્રી રમ્ભા અને તેના પરિવારના સભ્યો સામે બનજારા હિલ્સ પોલીસ દ્વારા દહેજ સતામણીનો કેસ દાખલ કરવામાં આવ્યો છે. સ્થાનિક અદાલતના આદેશ બાદ પોલીસે અભિનેત્રી સામે દહેજ સતામણીનો કેસ દાખલ કર્યો છે. આ ઉપરાંત તેના ભાઈ શ્રીનિવાસ રાવ, માતા-પિતા વેંકટેશ્વર રાવ અને ઉષા રાની સામે પણ કેસ કરવામાં આવ્યો છે. દહેજ પ્રતિબંધ ધારાની કલમ અને આઈપીસીની કલમ આમા લાગૂ કરવામાં આવી છે. રમ્ભાની ભાભીએ આક્ષેપ કર્યો છે કે, તેના પતિ શ્રીનિવાસરાવે છેલ્લા એક વર્ષથી વધારાના દહેજ માટે તેના ઉપર ત્રાસ ગુજાર્યો છે. શ્રીનિવાસરાવ રમ્ભાનો ભાઈ છે. પલ્લવીનો આક્ષેપ છે કે, શ્રીનિવાસ બિઝનેસમાં છેલ્લા કેટલાક વર્ષથી ભારે નુકસાન થયા બાદ શરાબના વ્યસનમાં છે અને અન્ય મહિલા સાથે પણ સંબંધ ધરાવે છે.

ઈન્ટરનેશનલ ઓપરેશનને જેટ વધારે વિસ્તૃત કરી દેશે

નવીદિલ્હી, તા. ૨૩

માર્કેટ હિસ્સેદારીની દ્રષ્ટિએ ભારતમાં બીજા નંબરની એરલાઇન જેટ એરવેઝ લિમિટેડે કહ્યું છે કે, તે તેના વિમાન વેચી મારવાની યોજના ધરાવે છે. તેના દેવાને ઘટાડવાના હેતુસર કેટલાક વિમાન વેચવાની યોજના છે. નુકસાનનો અંત લાવવાની પણ તેની યોજના છે. જેટ એરવેઝના ચેરમેન નરેશ ગોયલે આજે નવી દિલ્હીમાં પત્રકાર પરિષદમાં કહ્યું હતું કે, અમે અમારા વિમાનીની સંખ્યાને વધારવા માંગીએ છીએ પરંતુ સાથે સાથે તેના દેવાના માળખાને ઘટાડવા માંગીએ છે. તેમણે એમ પણ કહ્યું હતું કે, આ કેરિયરની તેના બેંકરો સાથે વાતચીત ચાલી રહી છે. ગલ્ફ કેરિયર ઇતિહાદની માલિકીની આંશિકરીતે માલિકી ધરાવનાર જેટને હાલમાં નુકસાન થઇ રહ્યું છે. ઉંચા ખર્ચ, ઓછા ભાડા અને સ્થાનિક બજારમાં ગળાકાપ સ્પર્ધાના કારણે આ સ્થિતિનો સામનો કરવો પડી રહ્યો છે. ૨૦૦૭ બાદથી જેટને વાર્ષિક નુકસાન થઇ રહ્યું છે. મે મહિનામાં રિસ્ટ્રક્ચરિંગ યોજના તૈયાર કરવામાં આવી હતી. જેટ દ્વારા જણાવવામાં આવ્યું છે કે વર્ષ ૨૦૧૭ના નાણાંકીય વર્ષ સુધી તેની યોજના નફા ઉપર પરત ફરવાની છે. નફા ઉપર કઇ રીતે પરત ફરાશે તે અંગેની કોઇ માહિતી ગોયલે આપી ન હતી. જેટ એરવેઝ તેના ઇન્ટરનેશનલ ઓપરેશનને વધારવા માંગે છે. ઇન્ટરનેશનલ ઓપરેશન હાલમાં નફામાં ૬૩ ટકાનો આંકડો હાંસલ કરવાની ધરાવે છે ઇન્ટરનેશનલ ઓપરેશનમાં હાલમાં નફો ૪૫ ટકાની આસપાસ છે જેને વધારીને ૨૦૧૬ સુધી ૬૩ ટકા કરાશે. ગોયલની સાથે આબુધાબીના ઇતિહાદના મુખ્ય કારોબારી પણ ઉપસ્થિત રહ્યા હતા. ગયા વર્ષે જેટમાં ૨૪ ટકા હિસ્સેદારી આ એરલાઇન દ્વારા ૩૩૦ મિલિયન ડોલરમાં ખરીદવામાં આવી હતી.

હોન્ડા દ્વારા મોબિલિયો કાર લોંચ કરાઈ

નવીદિલ્હીતા. ૨૩

જાપાનની મહાકાય કાર કંપની હોન્ડાએ આજે મોબીલિયો નામની નવી કાર લોન્ચ કરી હતી. આ કારની કિંમત ભારતમાં ૬.૪૯ લાખથી લઈને ૧૦.૮૬ લાખ રૂપિયા રાખવામાં આવી છે. સાત સીટની મોબિલિયો કારની રેંજ પેટ્રોલની કારમાં ૬.૪૯ લાખથી લઈને ૮.૭૬ લાખ રૂપિયા રાખવામાં આવી છે જ્યારે ડિઝલ કારની કિંમત ૭.૮૯ લાખથી લઈને ૧૦.૮૬ લાખ રાખવામાં આવી છે. હોન્ડા એમેઝ અને અન્ય કારને ભારતીય બજારમાં સફળતા મળ્યા બાદ હોન્ડા દ્વારા આ નવી કાર લોન્ચ કરવામાં આવી છે. સૌથી રસપ્રદ બાબત એ છે કે, આમા સાત સીટો છે. હોન્ડા મોટર કંપનીના મેનેજિંગ ઓફિસરનું કહેવું છે કે, ભારત કાર કંપનીઓ માટે મોટા બજાર તરીકે છે. આમા તમામ પ્રકારની સુવિધા રાખવામાં આવી છે.

સમાચાર ઝલક

- સોનાની આયાત પરના નિયંત્રણો યથાવત રહેશે.
- વાહનો માટે પોલીસીમાં ફેરફાર થશે.
- દરેક કર્મચારીએ સંપત્તિની વિગતો આપવી પડશે. હાલમાં કેન્દ્રીય કર્મચારીઓમાં અમલ થશે.
- ટાટા મોટર્સને રાજ્ય સરકારે ૪૨૦ કરોડની લોન આપી.
- કાબુલમાં તાલિબાનના આતંકી હુમલામાં ૧૫નાં મોત.
- હવસખોર કાકાએ ભત્રીજીને કુંવારી મા બનાવી. કુટુંબ હેબતાઈ ગયું.
- અમદાવાદના બહેરામપુરામાં 'હિટ એન્ડ રન'માં બે નાં મૃત્યુ, ૪ ને ઈજાઓ.
- ગાઝા સરહદે યુદ્ધ વિરામના પ્રયાસો હજુ નિષ્ફળ મૃત્યુ આંક ૬૦૦થી વધુ.
- ઉપવાસીઓ સાવધાન! હવે કેળાં પણ કેમીકલથી પકવેલા મળે છે.
- શાકભાજી-ફળફળાદીના બગાડને રોકવા નવી યોજના અમલી કરાશે.
- રાજકોટમાં શિક્ષિકા વધુ લેશન આપીને મારપીટ કરતી હોવાથી વિદ્યાર્થીએ ગળે ફાંસો ખાધો.
- ૪૦૦૦થી વધુ ડિઝાઈનોમાં રાખડીઓ બજારમાં આવશે.
- ગેરમાર્ગે દોરતી જાહેરાતો સામે કડક કાયદો બનશે.
- ચોટીલા ચામુંડા માતાના મંદિર સુધી રોપ-વે બનાવાશે.
- વાહન પર હોદ્દા લખેલી નંબર પ્લેટ રાખનારાઓની સામે તવાઈ આવશે.
- ઈન્કમટેક્ષ ખાતુ-ચાલુ વર્ષમાં ૧૪ લાખ કરોડ ટેક્ષ વસુલ કરશે.
- પેશાવરમાં કલાકાર દિલીપકુમારનું પુરાણું મકાન ખરીદવા ૮ કરોડની ઓફર આવી.
- જૈન તીર્થ પાલીતાણામાં જીવ હિંસા નહીં થાય, યુવાનોએ ખુલ્લી તલવાર સાથે શપથ લીધા.

ભારતમાં દરેક કલાકમાં ૧૫ આત્મહત્યા થાય છે

બેંગ્લોર, તા. ૨૩

ભારતમાં આત્મહત્યાના કિસ્સાઓમાં સતત વધારો થઈ રહ્યો છે. આત્મહત્યાના વધતા જતા કેસ માટે અનેક કારણો જવાબદાર રહ્યા છે. વધુ એક ચોંકાવનારી બાબત હવે સપાટી ઉપર આવી છે જે મુજબ મહિલાઓની સરખામણીમાં પુરુષો વધુ પ્રમાણમાં આત્મહત્યા કરી રહ્યા છે. નેશનલ ક્રાઈમ રેકોર્ડ બ્યુરોના અહેવાલમાં જણાવવામાં આવ્યું છે કે, ૨૦૧૩માં ભારતમાં ૧.૩૪ લાખ લોકોએ આત્મહત્યા કરી હતી જેપૈકી ૬૪૦૯૮ પુરુષોહતા અને ૨૯૪૯૧ મહિલાઓ હતી. એકંદરે પુરુષ અને મહિલા રેસિયો આત્મહત્યા માટેનો ચિંતાજનક રહ્યો છે. પુરુષો દ્વારા આત્મહત્યાના બનાવમાં હાલમાં વધારો થયો છે. વર્ષ ૨૦૧૨ની સરખામણીમાં મહિલા આત્મહત્યાનો રેસિયો વધ્યો છે. આંકડા દર્શાવે છે કે, ભારતમાં આત્મહત્યાના કિસ્સા વધી રહ્યા છે. ભારતમાં છેલ્લા વર્ષે દરેક કલાકમાં ૧૫ લોકોએ આત્મહત્યા કરી હતી. આત્મહત્યાના કેસોપૈકી ૪૮.૬ ટકા કેસોમાં કારણો જાણી શકાયા ન હતા. નિષ્ણાત લોકો પણ માને છે કે આત્મહત્યાનો આંકડો ખુબ ઉંચો છે. આત્મહત્યાના બનાવમાં ૧૫તી ૪૪ વર્ષની વયગ્રુપમાં સંખ્યા ૮૦૦૦૦ જેટલી રહી છે.

ટીસીએસની માર્કેટ મૂડી વધી ૫૦૦,૦૦૦ કરોડ

મુંબઈ, તા. ૨૩

ભારતની સૌથી મોટી આઈટી સેવા ઉપલબ્ધ કરાવતી કંપની ટીસીએસે આજે તેની માર્કેટ મૂડીમાં ઉમેરો કર્યોહતો. આની સાથે જ કંપનીને માર્કેટ મૂડી સૌથી વધુ થઈ ગઈ હતી. ટીસીએસે ૫૦૦૦૦૦ કરોડની માર્કેટ મૂડી હાંસલ કરી લીધી છે. મુંબઈ સ્ટોક એક્સચેંજમાં કંપનીના શેરની કિંમત બાવન સપ્તાહની ઉંચી સપાટી જોવા મળી હતી. આની સાથે જ કુલ માર્કેટ મૂડી ૫૦૦૦૦૦ કરોડ સુધી પહોંચી ગઈ હતી. બેંગ્લોર સ્થિત ઈન્ફોસિસ, વિપ્રો અને એચસીએલ ટેકનોલોજી જેવા શેરમાં પણ સુધારો જોવા મળ્યો હતો. ટીસીએસની માર્કેટ મૂડીમાં ઉલ્લેખનીય સુધારો જોવા મળ્યો હતો. ઈન્ફોસિસની માર્કેટ મૂડીમાં પણ સુધારો જોવા મળ્યો છે. ઈન્ફોસિસ, વિપ્રો, એચસીએલ ટેકનોલોજીમાં સુધારો જોવા મળ્યો હતો. ઈન્ડસ્ટ્રી પ્લેયરોની અંદર ટીસીએસની સ્થિતિ સતત મજબૂત થઈ રહી છે. ટીસીએસની માર્કેટ મૂડી બપોરના ગાળા દરમિયાન ૫૦૩૮૦૪ કરોડ સુધી પહોંચી ગઈ હતી. ઓએનજીસીની માર્કેટ મૂડી પણ નવી ઉંચી સપાટીએ પહોંચી હતી.

રેલવે ૪૭૦ નવા રીઝર્વેશન કેન્દ્રો ખોલવા માટે સુસજ્જ

નવી દિલ્હી,તા. ૨૩

ભારતીય રેલવે મુસાફરી કરતા તમામ લોકોને વદુને વધુ સુવિધા આપવા માટે કમર કસી ચુકી છે. હવે રેલવે ૪૭૦ નવા રીઝર્વેશન સેન્ટરો ખોલવા તૈયાર છે. તમામ લોકોને નજીકમાં જ રેલવે ટિકિટ બુક કરવવાની તક મળે તે માટે આ યોજના તૈયાર કરવામાં આવી છે. જો કે આ નિર્ણય સાંસદોની ભલામણના આદાર પર કરવામાં આવ્યો છે. જો કે ભારતીય રેલવે આના કરતા પણ વધારે મહત્વકાક્ષી ટાર્ગેટ ધરાવે છે. રેલવે ૨૦૦ શહેરોમાં નવા ૮૦૦ રીઝર્વેશન સેન્ટરો ખોલવા માટે તૈયાર છે. આ ટાર્ગેટના ભાગરૂપે રેલવેએ તમામ સાંસદોને એવી માહિતી આપવા માટે કહ્યું હતું જ્યાં રેલવે રીઝર્વેશન સેન્ટરોની જરૂર છે. આ સંબંધમાં ૫૦૫ સાંસદોએ તેમની વાત રજૂ કરી છે. જે પૈકી વ્યાપક વિચારણા કરવામાં આવ્યા બાદ અને સાંસદોની ભલામણ બાદ ૪૭૦ રીઝર્વેશન સેન્ટોર ખોલવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. બાકીના રીઝર્વેશન સેન્ટર લોકોની સાથે વાતચીત અને અન્ય તમામ જરૂરીયાતને ધ્યાનમાં લઈને કરવામાં આવશે. દેશભરમાં હાલમાં ૩૧૬૦ રીઝર્વેશન સેન્ટરો આવેલા છે.

આસામમાં બોંબ બ્લાસ્ટ થતાં એકનું મોત નિપજ્યું

ગોલપારા,તા. ૨૩

આસામના ગોલપારા જિલ્લામાં ક્રિશ્ની પોલીસ સ્ટેશનની સામે બંડખોરો દ્વારા કરવામાં આવેલા પ્રચંડ બોંબ બ્લાસ્ટમાં એક વ્યક્તિનું મોત થયું છે અને અન્ય ત્રણ લોકો ઘાયલ થયા છે જે પૈકી કેટલાકની હાલત ગંભીર જણાવવામાં આવી છે. આ બોંબ બ્લાસ્ટ સવારે ૮:૧૦ વાગે થયો હતો. પોલીસે વિગત આપતા કહ્યું છે કે, આ બોંબ સાઈકલની અંદર મુકવામાં આવ્યો હતો. મૃતકની ઓળખ કરી લેવામાં આવી છે. આ વ્યક્તિ મુજીબુર રહેમાન તરીકે ઓળખાયો છે. ઘાયલ થયેલા લોકોને ગોલપારાની સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જે પૈકી કેટલાકની હાલત સુધારા પર જોવા મળી રહી છે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીને જયલલિતાની અપીલ

માછીમારોને મુક્ત કરાવવા જયલલિતાની ફરીથી અપીલ

મોદીને પત્ર લખી શ્રીલંકન સરકારના ખરાબ વલણ અંગે માહિતી આપી : શ્રીલંકન સમક્ષ મુદ્દો ઉઠાવવા માંગ કરી

ચેન્નઈ, તા. ૨૩

તમિલનાડુના મુખ્યમંત્રી જયલલિતાએ શ્રીલંકન કસ્ટડીમાંથી ભારતીય માછીમારો અને તેમની બોટને મુક્ત કરાવવાની ખાતરી કરવા વડાપ્રધાન નરેન્દ્ર મોદીને અપીલ કરી હતી. જયલલિતાએ કહ્યું હતું કે, તેમની નૌકાઓને કબ્જે કરીને ભારતીય માછીમારોની આજીવિકા સામે શ્રીલંકન સરકારે મુશ્કેલી ઉભી કરી છે. શ્રીલંકન સરકાર જાણી જોઈને આ પ્રકારનું વર્તન કરી રહી છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીને લખવામાં આવેલા પત્રમાં મુખ્યમંત્રીએ કહ્યું છે કે, આ ખૂબ જ ચિંતાજનક બાબત છે કે, શ્રીલંકામાં ૪૬ નૌકાઓ હજુ તેના કબ્જામાં છે. જ્યારે કેન્દ્ર સરકારે સમયે-સમયે પગલા લીધા છે. શ્રીલંકન કસ્ટડીમાંથી ૨૨૫ માછીમારોને મુક્ત કરાવવા પગલા લેવા જોઈએ.

જયલલિતાનું કહેવું છે કે, માછીમારોની તાત્કાલિક મુક્તિ અને સાથે-સાથે આ માછીમારો તેમની આજિવીકા મેળવી શકે તે માટે શ્રીલંકન સરકાર સમક્ષ વાતચીત કરવા અપીલ કરવામાં આવી છે. શ્રીલંકન નૌકા સેના દ્વારા હાલમાં જ ઉડ્રુકોટાઈ જીલ્લામાંથી ૨૩ માછીમારો અને રામેશ્વરમમાંથી અન્ય ૨૦ માછીમારોને પકડી લેવામાં આવ્યા હતા. તેમને કોર્ટમાં રજૂ કરાયા બાદ કસ્ટડીમાં રાખવામાં આવ્યા છે. ૪૩ ભારતીય માછીમારો અને તેમની ૫૫ નૌકાઓ જેમાં ૪૬ આધુનિક ફિસીંગ બોટ છે તેને મુક્ત કરાવવાની માંગ કરવામાં આવી છે. કેન્દ્ર સરકારે શ્રીલંકા સાથે ઈન્ટરનેશનલ મેરીટાઈમ બાઉન્ડ્રી લાઈનને પાળવી જોઈએ નહીં. કેન્દ્ર સરકારને અપીલ કરવામાં આવ્યા બાદ જયલલિતા આશાવાદી છે.